પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૫૩ | ૪ મે, ૨૦૨૨, બુધવાર; વૈશાખ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કાળઝાળ ગરમીમાં દેશમાં ભારે વીજ સંકટ

**દેશના ૧૫૦ પાવર પ્લાન્ટમાંથી ૮૮માં કોલસાની ભારે અછત : ૪૨ પ્લાન્ટ રાજ્ય સરકાર હેઠળ છે, રાજસ્થાન, મહારાષ્ટ્ર, બંગાળમાં હાલત સૌથી ખરાબ છે : આ રાજ્યોમાં લોકો અઘોષિત વીજ કાપથી ભારે પરેશાન**



નવી દિલ્હી, તા.૩

ઉનાળાની કાળઝાળ ગરમી સાથે સાથે દેશના તમામ રાજ્યો આ દિવસોમાં વીજ સંકટનો સામનો કરી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, વીજ સંકટ પાછળનું મુખ્ય કારણ કોલસાની માંગમાં વધારો અને અછત છે. ભારતમાં એપ્રિલ મહિનામાં વીજળીની માગ ૧૩.૬ ટકાથી વધીને ૧૩૨.૯૮ બિલિયન યુનિટ પહોંચી ગઈ હતી. ગયા વર્ષે અપ્રિલમાં દેશમાં વિજળીનો વપરાશ ૧૧૭.૦૮ બિલિયન જોવા મળ્યો હતો. એપ્રિલની શરૂઆતથી ઝારખંડ સરેરાશ ૧૦-૧૨ ટકા વીજ પુરવઠાની તંગીનો સામનો કરી રહ્યું છે. આ દેશની હાલત સૌથી ખરાબ છે. ત્યારબાદ આંધ્ર પ્રદેશ (૧૦%), ઉત્તરાખંડ (૮-૧૦%), મધ્ય પ્રદેશ (૬%) અને હરિયાણા (૪%) આવે છે. દેશના ૧૫૦ પાવર પ્લાન્ટમાંથી ૬૦% એટલે કે ૮૮માં કોલસાની અછત છે. કોલસાની અછત ધરાવતા ૮૮ પાવર પ્લાન્ટમાંથી ૪૨ રાજ્ય સરકાર હેઠળ છે. અહેવાલ અનુસાર, રાજસ્થાન, મહારાષ્ટ્ર, બંગાળમાં હાલત સૌથી

● અનુસંધાન પાન-૭ પર

# ગંગોત્રી ધામના દ્વાર ખુલ્યા, કેદારનાથ દ્વાર ૬ મેએ ખુલશે

**ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા શરૂ થઈ : કોરોનાના લીધે ૨ વર્ષથી ચારધામ યાત્રા પર પ્રતિબંધ હતો**

દહેરાદૂન, તા.૩

સમગ્ર દેશમાં આજે અક્ષય તૃતીયાનો પર્વ મનાવવામાં આવી રહ્યો છે. આ શુભ તિથિના અવસરે આજથી ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા શરૂ થઈ રહી છે. કોરોનાના કારણે છેલ્લા ૨ વર્ષથી ચારધામ યાત્રા પર પ્રતિબંધ રહ્યો. એવામાં શ્રદ્ધાળુઓમાં આ યાત્રા શરૂ થવાથી લઈને ઘણો ઉત્સાહ છે. આશા છે કે આ વખતે પણ દેશના ખૂણે-ખૂણેથી શ્રદ્ધાળુ ચાર ધામની યાત્રા કરવા પહોંચશે. ભક્તોની યાત્રાને સરળ બનાવવા માટે સરકારે કોરોના ટેસ્ટ અને વેક્સિનેશન સર્ટિફિકેશનની તપાસને પણ અનિવાર્ય કરી નથી.

ગંગોત્રી ધામના દ્વાર ૩ મે એટલે કે આજે ૧૧:૧૫ મિનિટે ખુલી ગયા. દ્વાર ખુલવાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ હાજરી આપી. યમુનોત્રી ધામના કપાટ આજે બપોરે ૧૨:૧૫ મિનિટે ખુલ્યા. કાર્યક્રમ અનુસાર કેદારનાથ ધામના કપાટ ૬ મે એ સવારે ૬:૨૫ મિનિટ પર ખુલશે. બદ્રીનાથ ધામના કપાટ ૮ મે એ સવારે ૬:૧૫ મિનિટે ખુલશે. ચારધામ યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના આવવાનુ અનુમાન છે કેમ કે આગામી કેટલાક દિવસ માટે રજિસ્ટ્રેશન પહેલાથી જ ફુલ છે.



ઉત્તરાખંડ સરકારે આજથી શરૂ થનારી ચારધામ યાત્રા માટે તીર્થયાત્રીઓની સંખ્યા નક્કી કરી દીધી છે. સરકારી આદેશમાં કહેવામાં આવ્યુ છે કે દરરોજ ૧૫ હજાર શ્રદ્ધાળુ બદ્રીનાથના દર્શન કરી શકશે.

# રાજસ્થાનના ઝાલોરીમાં જૂથ અથડામણ

**ઈસ્લામિક ઝંડો ફરકાવવા મુદ્દે વિવાદ, ઈન્ટરનેટ બંધ : હાલ સમગ્ર વિસ્તારમાં તણાવનો માહોલ છે અને પોલીસે પણ સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા માટે અપીલ કરી છે**

જોધપુર,તા.૩

ઈદ પહેલા જ રાજસ્થાનના જોધપુરમાં મોડી રાતે જૂથ અથડામણ થઈ. બે સમુદાયના લોકો આમને સામને આવી ગયા અને ઘર્ષણ થયું. વિવાદ ઈસ્લામિક ઝંડાને લઈને થયો હતો. જે વધતા પથ્થરમારા સુધી પહોંચી ગયો. અનેક લોકો આ પથ્થરમારામાં ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ જોધપુરના ઝાલૌરી ગેટ ચાર રસ્તા પર બે જૂથ વચ્ચે સ્વતંત્રતા સેનાનીની મૂર્તિ પર ઈસ્લામિક ઝંડો લહેરાવવા મુદ્દે વિવાદ ઊભો થયો હતો. આ વિવાદ વધતા પથ્થરમારા સુધી પહોંચી ગયો. ઘટનાની સૂચના મળતા કંટ્રોલ રૂમમાંથી વધારાના પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા અને ભીડને તરત જ ત્યાંથી ખદેડી મૂકી. જ્યાં વિવાદ થયો હતો તે ચાર રસ્તા પણ બંધ કરી દેવાયા. એક સમુદાય તરફથી ભેગી થયેલી ભીડે પોલીસ ઉપર પણ પથ્થરમારો કર્યો. હાલ સમગ્ર વિસ્તારમાં તણાવનો માહોલ છે અને પોલીસે

● અનુસંધાન પાન-૭ પર




# પેંગોંગ સરોવરના નવા પુલ પાસે ચીન રસ્તા બનાવી રહ્યું છે

**ચાલાક ચીનની વધુ એક નાપાક ચાલ : ઉપલબ્ધ ફોટોમાં ઓછા રિઝોલ્યુશનના કારણે એ સ્પષ્ટ રીતે જાણવા મળતું નથી કે નવા નિર્માણની સ્થિતિ શું છે**

લદ્દાખ, તા.૩

ચીને એલએસી નજીક પેંગોંગ ત્સો ના દક્ષિણી તટ પર બનેલા નવા પુલની આસપાસ સંભવિત માર્ગ નેટવર્ક પર કામ શરૂ કરી દીધુ છે. આને લઈને સેટેલાઈટ તસવીર સામે આવી છે. યુરોપીય અંતરિક્ષ એજન્સી નજીક ઉપલબ્ધ ફોટોમાં ઓછા રિઝોલ્યુશનના કારણે એ સ્પષ્ટ રીતે જાણવા મળતુ નથી કે નવા નિર્માણની સ્થિતિ શુ છે. જોકે, તસવીરથી પુલના દક્ષિણી તરફ માર્ગ કાર્યને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આ વર્ષની શરૂઆતમાં જાન્યુઆરીમાં પુલ પૂરો થવાનો હતો, ઉપલબ્ધ સેટેલાઈટ તસવીર આ વાતની પુષ્ટિ કરે છે કે એપ્રિલના છેલ્લા બે અઠવાડિયા દરમિયાન નવુ ગ્રાઉન્ડ કન્સ્ટ્રક્શન ઘણી હદ સુધી સામે આવ્યુ છે. અગાઉ ભારત સરકારે ચીન દ્વારા પુલના નિર્માણને ગેરકાયદે કરાર આપ્યો હતો.





આ પુલનુ નિર્માણ તે ક્ષેત્રમાં કરવામાં આવી રહ્યુ હતુ જે ૧૯૬૨થી ચીનના ગેરકાયદેસર કબ્જામાં છે. ભારત સરકારે આ ગેરકાયદે કબ્જાનો ક્યારેય સ્વીકાર કર્યો નથી. સેટેલાઈટ ઈમેજથી જાણ થાય છે કે પુલનુ નિર્માણ કાર્ય ગયા વર્ષે સપ્ટેમ્બરમાં સરોવરના ઉત્તરી કિનારાથી શરૂ થયુ હતુ.

સરકારે સંસદમાં કહ્યુ હતુ કે ચીન તરફથી પેંગોંગ સરોવર પર બનાવવામાં આવી રહેલા એક પુલ પર તેમનુ ધ્યાન છે. વિદેશ રાજ્ય મંત્રી વી મુરલીધરને સંસદમાં કહ્યુ કે ભારતે આ ગેરકાયદેસર કબ્જાનો પણ ક્યારેય સ્વીકાર કર્યો નથી. સરકારે કેટલીક તક પર સ્પષ્ટ કર્યુ છે કે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ ભારતનુ અભિન્ન અંગ છે અને અમે આશા કરીએ છીએ કે પાડોશી દેશ ભારતની સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડતાનુ સન્માન કરશે.

ઓગસ્ટ ૨૦૨૦માં ભારતીય સૈનિકો તરફથી પેંગોંગ સરોવરના દક્ષિણી તટ પર કેટલીક ટોચ પર કબ્જો કર્યા બાદ ચીન પોતાના સૈન્ય મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યુ છે.

# રાહુલ ગાંધીનો નેપાળમાં પબમાં પાર્ટી કરતો વીડિયો વાયરલ થયો

**મિત્રના લગ્નમાં સામેલ થવા ગયા છે અને લગ્ન સમારોહમાં જવું એ કોઈ ગુનો તો નથી : કોંગ્રેસ**



નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનો પબમાં પાર્ટી કરતા એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે. ભાજપના નેતા અમિત માલવીયે એક વિડીયો ટ્વિટ કરીને રાહુલ ગાંધી પર કટાક્ષ કર્યો છે. આ દરમિયાન કોંગ્રેસે સ્પષ્ટતા કરતા કહ્યું કે, રાહુલ ગાંધી તેમના એક મિત્રના લગ્નમાં સામેલ થવા માટે ગયા છે અને લગ્ન સમારોહમાં જવું એ કોઈ ગુનો તો નથી.

ભાજપ આઈટી સેલના હેડ અમિત માલવીયે પોતાના ટ્વિટર હેન્ડલથી રાહુલ ગાંધીનો એક યુવતી સાથે વાતચીત કરતો વિડીયો ટ્વિટ કર્યો છે. ટ્વિટ કરીને તેઓએ લખ્યું છે કે, જ્યારે મુંબઈ પર હુમલો થયો ત્યારે રાહુલ ગાંધી એક નાઈટ ક્લબમાં હતા. જ્યારે તેમની પાર્ટીમાં ઉથલપાથલ થઈ રહી છે ત્યારે પણ તેઓ ત્યાં જ છે. તેમનામાં સાતત્યતા છે. રાહુલ ગાંધીના વાયરલ વિડીયો પર કોંગ્રેસે સ્પષ્ટતા કરી છે. પાર્ટી પ્રવક્તા રણદીપ સિંહ સુરજેવાલાએ જણાવ્યું કે, રાહુલ ગાંધી પાડોશી દેશ નેપાળમાં એક લગ્ન સમારોહમાં ભાગ લેવા માટે ગયા છે. સુરજેવાલાએ કટાક્ષભર્યા અંદાજમાં કહ્યું કે, રાહુલ ગાંધી પીએમ મોદીની જેમ બોલાવ્યા વગર પાકિસ્તાનના પ્રધાનમંત્રીના ત્યાં કેક કાપવા નથી ગયા.

# ઘરના પ્લાનમાં છેડછાડ કરીને ગેરકાયદેસર નિર્માણ સંદર્ભે નવનીત-રવી રાણાને નોટિસ

**નવનીત-રવી રાણા રાજકારણી દંપતીની મુશ્કેલી વધી : બીએમસીએ ઓવર-કન્સ્ટ્રક્શન અને કેટલાક નિયમોના ઉલ્લંઘનની ફરિયાદ પર આ નિરીક્ષણ નોટિસ આપી**

મુંબઈ, તા.૩

હનુમાન ચાલીસા વિવાદમાં ધરપકડ કરાયેલા સાંસદ નવનીત રાણા અને તેમના ધારાસભ્ય પતિ રવિ રાણાને બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) દ્વારા નોટિસ આપવામાં આવી છે. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલી નોટીસ પ્રમાણે ખારની બિલ્ડિંગમાં સ્થિત રવિ રાણાના ઘરની મુંબઈ બીએમસી દ્વારા તપાસ કરવામાં આવશે. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને શંકા છે કે, ઘરના પ્લાનમાં છેડછાડ કરીને ગેરકાયદેસર નિર્માણ કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, બીએમસીએ ઓવર-કન્સ્ટ્રક્શન અને કેટલાક નિયમોના ઉલ્લંઘનની ફરિયાદ પર આ નિરીક્ષણ નોટિસ આપી છે. મળતી માહિતી પ્રમાણે ૪ મે બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની એક ટીમ નિરિક્ષણ માટે જશે. હનુમાન ચાલીસા વિવાદમાં ધરપકડ કરાયેલા સાંસદ નવનીત રાણા અને તેમના ધારાસભ્ય પતિ રવિ રાણાની જામીન અરજી પર ૪ મે ના રોજ નિર્ણય સંભળાવવામાં આવશે. વિશેષ ન્યાયાધીશ આરએન રોકડેએ સોમવાર માટે ચુકાદો અનામત રાખ્યો હતો. પરંતુ કોર્ટ અન્ય બાબતોમાં વ્યસ્ત હોવાથી અને જામીન અંગેના હુકમનામુ પૂર્ણ ન થવાને કારણે સોમવારે આદેશ જાહેર કરવામાં આવ્યો ન હતો. ન્યાયાધીશે કહ્યું કે તે હવે ૪ મેના રોજ આદેશ આપશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના બાન્દ્રા સ્થિત ખાનગી આવાસ 'માતોશ્રી'ની બહાર હનુમાન ચાલીસાના પાઠની સાર્વજનિક જાહેરાત બાદ અપક્ષ લોકસભા સદસ્ય નવનીત રાણા અને ધારાસભ્ય પતિ રવિ રાણાને ૨૩ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી. તેમણે પોતાની વિરુદ્ધના રોજદ્રોહ અને દુશ્મનીને પ્રોત્સાહન આપવાના આરોપમાં મુંબઈ પોલીસ દ્વારા નોંધવામાં આવેલ એફઆઈઆરના કેસમાં જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી. શનિવારે અભિયોજન અને બચાવ પક્ષ બંનેના જામીન અરજી પર પોતાની દલીલો પૂરી કરી હતી.



# ડેનમાર્કના પ્રધાનમંત્રી સાથે ભારતના પ્રધાનમંત્રી મોદીની દ્વિપક્ષીય બેઠક થઈ

**કર્યુંડાલમિયા સીમેન્ટ અને FL Smith વચ્ચે ભવિષ્યની જરૂરીયાત માટે નવા સીમેન્ટ બનાવવા પર કરાર**

કોપેનહેગન, તા.૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રણ દેશોની યાત્રાના બીજા તબક્કામાં મંગળવારે ડેનમાર્ક પહોંચ્યા હતા. અહીં ડેનમાર્કના પ્રધાનમંત્રી મેટે ફેડરિકસેને તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બંને નેતાઓ વચ્ચે બેઠક થઈ હતી. આ દરમિયાન ભારત અને ડેનમાર્ક વચ્ચે સ્વચ્છ પાણી, માછલી પાલન પર કેન્દ્ર બનાવવા, કૌશલ્ય વિકાસ, માઈગ્રેશન અને મોબિલિટી પર સમજુતી સહિત અન્ય કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. સાથે ઘણી કારોબારી સમજુતી પર પણ સહી કરવામાં આવી છે, જેમાં ડાલમિયા સીમેન્ટ અને હ્લન જીદ્વૈર વચ્ચે ભવિષ્યની જરૂરીયાત માટે નવા સીમેન્ટ બનાવવા પર કરાર થયો છે.

પીએમ મોદી અને મેટે ફેડરિકસેને રશિયા-યુક્રેન યુદ્ધ પર પણ વાત કરી છે. ડેનમાર્કના પીએમે કહ્યું- અમે બે લોકતંત્ર છીએ. નજીકના સહયોગી તરીકે અમે

● અનુસંધાન પાન-૭ પર



**ડ્રાઈવર જોઈએ છે**

એડવોકેટની ઓફીસ માટે ફુલ ટાઈમ ડ્રાઈવર કમ ઓફીસ આસીસ્ટન્ટ જોઈએ છે.

સવારના ૮-૩૦ થી રાત્રીના ૮-૩૦ સુધીની નોકરી

પગાર - ૧૨૦૦૦/-

રૂબરૂ મળવું.

મો. ૯૯૨૪૩ ૭૭૯૯૯

**સરનામું બદલાયેલ છે**

બે દાયકાથી વધુનો અનુભવ ધરાવતા

**ડો. દેવાંગ ઠક્કર અને ડો. નૂતન ઠક્કર**

આપ સૌ પરિજનોના સાથ, સહકાર અને આશીર્વાદથી વધુ સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત નવી ક્લિનીક પ્રસ્થાપિત કરી રહેલ છે.

**દેવાંશ રેડિયોલોજી અને ઈમેજિંગ ક્લિનીક**

**સ્માઈલ કેર ડેન્ટલ ક્લિનીક**

સ્થળ : નિરામય મેડિકલ હબ, પ્લોટ નં. ૧૨૮૨, એચ.પી. પેટ્રોલ પંપની બાજુમાં, સેક્ટર-૬, ગાંધીનગર